**તાપમાન**
મહત્તમ : ૩૭.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૫૯ ટકા ● સાંજે ૨૨ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૨૬ ૭ એપ્રિલ, ૨૦૧૬, ગુરૂવાર ; ફાગણ વદ - ૦)) પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## અડવાણીના પત્નિ કમલા અડવાણીનું દુઃખદ નિધન

ગાંધીનગર, તા.૬

ભાજપના વરિષ્ટ અગ્રણી લાલકૃષ્ણ અડવાણીના ધર્મપત્ની શ્રીમતી કમલા અડવાણીનું હૃદયરોગના હુમલામાં દિલ્હીની



એઈમ્સ હોસ્પિટલમાં અવસાન થયું હતું. ૮૩ વર્ષીય કમલાજી છેલ્લા કેટલાક વખતથી શ્વાસ અને અશક્તિની બિમારીની ફરિયાદ કરતા હતા. આજે તેમને એકાએક શ્વાસની તકલીફ વધી જતા નિકટજનોએ તેમને એઈમ્સ હોસ્પિટલ ખાતે ખસેડ્યા હતા. જ્યા ફરજ પરના તબીબોએ મૃત જાહેર કર્યા હતા.

ભૂતપૂર્વ નાયબ પ્રધાનમંત્રી અને વરિષ્ઠ સાંસદ લાલકૃષ્ણ અડવાણીના ધર્મપત્ની કમલા અડવાણીના દુઃખદ નિધનના સમાચાર જાણી ગુજરાતના રાજ્યપાલ ઓ.પી. કોહલીએ ઉંડા શોકની લાગણી વ્યક્ત કરી છે. રાજ્યપાલએ તેમના શોક સંદેશમાં જણાવ્યું છે કે કમલા અડવાણીના દુઃખદ નિધનની આપણે એક ઓજસ્વી અને પ્રતિભાસંપન્ન વ્યક્તિગત ગુમાવી દીધો છે. ઈશ્વર દિવંગતના આત્માને ચિરશાંતિ પ્રદાન કરે અને લાલકૃષ્ણ અડવાણી અને તેમના પરિવારજનોને આ દુઃખદ સહન કરવાની શક્તિ આપે તેવી તેમણે પ્રાર્થના કરી છે.

# દેશમાં ચાર ખુંખાર આતંકવાદી ઘુસ્યાના અહેવાલ

### દિલ્હી, મુંબઇ અને ગોવામાં હુમલા થઇ શકે : ઇન્ટેલીજન્સ અહેવાલ : જમ્મુ કાશ્મીર મારફતે ત્રાસવાદીઓ ઘુસી ગયા હોવાના અહેવાલ બાદ કેન્દ્ર સરકારે રાજ્યોને સાવધાન કર્યા : તમામ જગ્યા ઉપર સુરક્ષા વધારાઇ


નવી દિલ્હી,તા. ૬

જમ્મુ કાશ્મીર મારફતે ફરી એકવાર ચાર ત્રાસવાદીઓ ભારતમાં ઘુસી ગયા હોવાના અહેવાલ મળ્યા છે. આ ખુંખાર ત્રાસવાદીઓ દિલ્હી, મુંબઈ અને ગોવામાં હુમલા કરવાની યોજના ધરાવે છે. કેન્દ્ર સરકાર દ્વારા આ સંબંધમાં રાજ્યોને સાવધાન રહેવા માટે કહ્યુ છે. ઈન્ટેલિજન્સ એલર્ટ બાદ રાજ્યોને કહેવામાં આવ્યુ છે. અહેવાલ બાદ સાવચેતીના પગલા લેવામાં આવી રહ્યા છે. તમામ જગ્યાએ સુરક્ષા વધારી દેવામાં આવી છે. દિલ્હીમાં ત્રાસવાદી શકમંદોની પુછપરછ દરમિયાન આ વિગત સપાટી પર આવી છે.ગોવા પોલીસને માહિતી મળી છે કે ભારતમાં ચાર ત્રાસવાદીઓ ઘુસી ગયા છે. કેન્દ્રિય ગૃહ મંત્રાલય દ્વારા તમામ રાજ્યોને આ સંબંધમાં ઈનપુટ આપીને એલર્ટ કર્યા છે. ગોવા ત્રાસવાદીઓના હિટ લિસ્ટમાં હોવાનો દાવો વિદાય લેતા પોલીસ મહાનિર્દેશક ટીએન મોહન દ્વારા કરવામાં આવ્યો છે. અગાઉ ગોવાના સંબંધમાં ચીફ સેક્રેટરી આરકે શ્રીવાસ્તવ દ્વારા તમામ સાથે બેઠક કરવામાં આવી હતી. પાકિસ્તાનની તપાસ ટીમ હાલમાં ભારતમાં તપાસના અર્થે આવી હતી. આને લઈને હવે ખેંચતાણ ચાલી રહી છે. પાકિસ્તાનની ટીમ હાલમાં તપાસના હેતુસર ભારત આવી હતી. પઠાણકોટ હુમલાને લઈને પાકિસ્તાની ટીમ થોડાક દિવસ પહેલા ભારત પહોંચી હતી. જેઆઈટીના સભ્યો ૨૯મી માર્ચના દિવસે પઠાણકોટ પહોંચ્યા હતા. એનઆઈએના અધિકારીઓ દ્વારા તેમને માહિતી અપાઈ હતી. જ્યાંથી આતંકવાદીઓ ઘુસી ગયા હતા અને હુમલો કર્યો હતો તે જગ્યા પણ બતાવવામાં આવી હતી. તપાસને લઈને હજુ ભારત અને પાકિસ્તાન આમને સામને આવે તેવી શક્યતા છે. જેઆઈટી પાકિસ્તાનના વડાપ્રધાન નવાઝ શરીફને અહેવાલ સુપરત કરનાર છે. અત્રે ઉલ્લેખનીય છે કે બીજી જાન્યુઆરીના દિવસે પઠાણકોટમાં હુમલો કરવામાં આવ્યા બાદ પંજાબ સહિત જુદા-જુદા ભાગોમાં હાઈએલર્ટની જાહેરાત કરી દેવામાં આવી હતી. જાન્યુઆરીમાં હુમલા બાદથી સતત સુરક્ષા રાખવામાં આવી હતી. જેના કારણે કેટલાક શકમંદોની ધરપકડ કરવામાં આવી હતી. આ તમામની પુછપરછના કારણે હવે નવી વિગત સપાટી પર આવી છે.

● અનુસંધાન પાન-૭ પર

# આઈપીએલ નહી, પાણી મહત્વનું છે : મુંબઈ હાઈકોર્ટ

### પાણીની કટોકટી ઉભી થયા બાદ મેચોને લઈને પ્રશ્નો ઉઠાવાયા : આઈપીએલ દરમિયાન પીચોની જાળવણી માટે પાણીના બગાડ મુદ્દે મહારાષ્ટ્ર સરકાર, મુંબઈ ક્રિકેટ એસોસિએશન અને બીસીસીઆઈની જોરદાર ઝાટકણી



મુંબઈ,તા. ૬

મુંબઈ હાઈકોર્ટે મુંબઈની મેચને લઈને મહારાષ્ટ્ર સરકારની જોરદાર ઝાટકણી કાઢી છે. કોર્ટે કહ્યં છે કે, મેચ એ જગ્યા પર રમાડવી જોઈએ જ્યાં વધારે પાણીની સુવિધા છે. દુષ્કાળની સ્થિતિ છતાં પાણીની બરબાદી કરવામાં આવી રહી છે. આ મુદ્દે મુંબઈ હાઈકોર્ટે સરકારને જોરદાર ફટકાર લગાવી હતી અને કહ્યું હતું કે, આઈપીએલ કરતા પાણી વધારે મહત્વપૂર્ણ છે. દુષ્કાળનો સામનો કરી રહેલા મહારાષ્ટ્રમાં પાણીની બરબાદીને લઈને બીસીસીઆઈ અને મહારાષ્ટ્ર તેમજ મુંબઈ ક્રિકેટ એસોસિએશનની જોરદાર ઝાટકણી કાઢતા મુંબઈ હાઈકોર્ટે આજે કહ્યું હતું કે, આઈપીએલને મેચ એવી જગ્યા યોજાવી જોઈએ જ્યાં જળ સંકટની સ્થિતિ નથી. કોર્ટે કહ્યુ હતું કે, જ્યારે બીસીસીઆઈને પાણી પુરવઠાને બંધ કરી દેવામાં આવશે ત્યારે જ વાસ્તવિકતા સમજાશે. કોર્ટે એમ પણ કહ્યું હતું કે, આ સરકારની જવાબદારી છે કે, પાણીની બરબાદીને રોકવા માટે પગલા લેવામાં આવે. આ મામલામાં કયા પગલા લેવામાં આવી રહ્યા છે તે અંગે

● અનુસંધાન પાન-૭ પર

# મૌલાના મસૂદ પર પ્રતિબંધ મુકવા નક્કર પુરાવા અપાયા

### મૌલાના મસૂદ-સઈદની મિટિંગના પુરાવા અપાયા : ૨૦૧૩માં રાવલપિંડીમાં જૈશના હેડક્વાર્ટરમાં આ બેઠક યોજાઈ હતી જેમાં તમામ કુખ્યાત ત્રાસવાદી હાજર હતા



નવીદિલ્હી,તા. ૬

ત્રાસવાદી સંગઠન જૈશે મોહમ્મદના લીડર મોલાના મસૂદ અઝહર પર પ્રતિબંધ મુકવા વિચારણા કરી રહેલી સંયુક્ત રાષ્ટ્રની કમિટિની સાથે જે દસ્તાવેજો મુકવામાં આવ્યા હતા તેમાં લશ્કરે તોઈબાના લીડર હાફીઝ સઈદ સાથે તેની બેઠકના પુરાવાનો સમાવેશ થાય છે. હાફીઝ સઈદને સંયુક્ત રાષ્ટ્ર દ્વારા પહેલાથી જ ત્રાસવાદી જાહેર કરેલો છે. દસ્તાવેજો મુજબ મસૂદ અઝહર અને સઈદ વચ્ચેની બેઠક સંસદ પર ૨૦૦૧માં થયેલા હુમલામાં દોષિત અફઝલ ગુરુને ફાંસી આપવામાં આવ્યાના ચાર દિવસ બાદ એટલે કે ૧૪મી ફેબ્રુઆરી ૨૦૧૩ના દિવસે થઈ હતી. ભારતે અઝહરને સંયુક્ત રાષ્ટ્રની કમિટિ તરફથી ગ્લોબલ ટેરેરિસ્ટ ઘોષિત કરવા માટે ફરી પગલા લીધા હતા પરંતુ ચીને આ આડે અડચણો ઉભી કરી હતી.

● અનુસંધાન પાન-૭ પર

# તંદુરસ્ત સમાજના નિર્માણમાં ગુજરાતે દાખલા બેસાડ્યા છે

### ૫૭૫ દવા વિના મૂલ્ય મળે તે માટેનું આયોજન : વિના મૂલ્ય દવા માટે કુલ ૨૭૨ કરોડની જોગવાઈ: શાળા આરોગ્ય ચકાસણી કાર્યક્રમમાં બાળકોને સારવાર અપાઈ

અમદાવાદ, તા.૬

તંદુરસ્ત સમાજના નિર્માણ માટે ગુજરાતે દેશમાં અનેક દાખલા બેસાડ્યા છે. શાળા આરોગ્ય ચકાસણી કાર્યક્રમ દ્વારા પાંચ વર્ષમાં મોટી સંખ્યામાં બાળકોને સારવાર અપાઈ છે. ૫૭૫ આવશ્યક દવાઓ વિના મૂલ્ય મળે તે માટે બજેટમાં ૨૭૨ કરોડની જોગવાઈ કરાઈ છે. સરકારી દવાખાનાઓ દ્વારા ડાયાબિટીસ અને બ્લડ પ્રેશરના તમામ દર્દીઓને આજીવન વિના મુલ્યે દવાઓ પુરી પાડવાનો ઐતિહાસિક નિર્ણય પણ કર્યો. એથી એક ડગલું આગળ આવા અનેક રોગોને લગતી કુલ ૫૭૫ આવશ્યક દવાઓ જરૂરતમંદ નાગરિકોને વિનામુલ્યે મળી રહે તે માટે રાજય સરકારે આ વર્ષે બજેટમાં રૂ. ૨૭૨ કરોડની જોગવાઈ પણ કરી. અગાઉ પણ તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સમયમાં પણ ગુજરાતે સંસ્થાકીય પ્રસુતિ દ્વારા માતા અને બાળ મુત્યુદરને ઘટાડવાના રામબાણ ઈલાજ તરીકે શરૂઆતમાં પાંચ જિલ્લાઓમાં એક પાયલોટ પ્રોજેક્ટ અમલમાં મૂકીને અભ્યાસ બાદ સમગ્ર રાજયમાં ચિંરજીવી ચેજનાનો પ્રારંભ કર્યો અને આ યોજના સમગ્ર દેશમાં સ્વીકૃત બની જ કાર્યપ્રણાલી મુખ્યમંત્રી આનંદીબેને પણ આગળ ધપાવી. ખાસ કરીને મહિલાઓમાં જોવા મળતા બ્રેસ્ટ કેન્સર અને ગર્ભાશયના મુખના કેન્સર સર્વાઈકલ કેન્સરને નાથવા અને મહિલાઓમાં આ રોગો પ્રત્યે જાગૃતિ કેળવવા મુખ્યમંત્રીએ અભિયાન ઉપાડ્યું. રાજયના આરોગ્ય વિભાગ દ્વારા સમગ્ર રાજયમાં કેન્સર સ્કીનીંગની કામગીરી કરવામાં આવી. જુદા જુદા ટેસ્ટ વિનામુલ્યે કરવામાં આવ્યા. રાજયભરના ૩૩ જિલ્લા અને આઠ મહાનગરપાલિકા વિસ્તારમાં આ કામગીરી ઝુબેશ સ્વરૂપે કરવામાં આવી. અત્યાર સુધીમાં રાજયમાં ૭૭ લાખ ૧૯ હજાર મહિલાઓનું બ્રેસ્ટ અને સર્વાઈકલ કેન્સર માટે સ્કીનીંગ કરવામાં આવ્યું છે. જેમાંથી

● અનુસંધાન પાન-૭ પર

## મુખ્યમંત્રી નિદાન યોજના આજે વિધિવત રીતે આરંભ કરશે

રાજય સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા વિશ્વ આરોગ્ય દિવસની ઉજવણી કરવામાં આવનાર છે જે અંતર્ગત ૭મી એપ્રિલના રોજ મુખ્યમંત્રી આનંદીબેન પટેલ મહેમદાવાદ ખાતેથી મુખ્યમંત્રી નિદાન યોજનાનો રાજય વ્યાપી શુભારંભ કરાવશે. તા. ૭મી એપ્રિલ, ૨૦૧૬ને ગુરુવારના રોજ બપોરના ૩.૦૦ કલાકે મહેમદાબાદ ખાતે યોજાનાર આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી હસ્તે માતર તથા મહેમદાબાદ તાલુકાના વિવિધ વિકાસ કામોનું પણ લોકાર્પણ કરાશે તેમ આરોગ્ય વિભાગ દ્વારા જણાવાયું છે.

